# APAR INDUSTRIES LTD.

REGD. OFFICE & MARKETING OFFICE :
301/306, PANORAMA COMPLEX,
R. C. DUTT ROAD, VADODARA - 390007. INDIA
T : (+91) (265) 2322798 / 6178700
F : (+91) (265) 2330309
E : apar.baroda@apar.com
url : www.apar.com

SEC/3009/2019 **By E-Filling** 30th September, 2019

| | |
|---|---|
| National Stock Exchange of India Ltd.<br>"Exchange Plaza",<br>C-1, Block G,<br>Bandra- Kurla Complex,<br>Bandra (E),<br>**Mumbai – 400 051.**<br><br>**Scrip Symbol : APARINDS**<br><br>**Kind Attn.: The Manager, Listing Dept.** | BSE Ltd.<br>Corporate Relationship Department,<br>14th Floor, Phiroze Jeejeebhoy Towers,<br>Dalal Street,<br>Fort,<br>**Mumbai - 400 001.**<br><br>**Scrip Code : 532259**<br><br>**Kind Attn. : Corporate Relationship Dept.** |

**Dear Sirs,**

**Sub: Submission of Newspaper Advertisement published pursuant to SEBI Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated 6th November, 2018.**

Please find enclosed herewith a copies of the newspaper advertisements published pursuant to the SEBI Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated November 6, 2018 w.r.t. standardised norms for transfer of securities in physical mode.

We request you to kindly take the same on records.

Thanking you,

Yours Faithfully,
**For Apar Industries Limited**

**(Harishkumar Malsatter)**
**Assistant Manager – Secretarial & Legal**

**Encl. : As above**

# Before placements, rise in PPOs boosts buoyancy at B-schools



**Campuses are anticipating reduced pressure during final recruitment process to achieve full placement**

**VINAY UMARJI**
Ahmedabad, 28 September

Going by the trend in pre-placement offers (PPOs) at some of the top and mid-rung business schools, the season is set to get better than last year.

Based on the number of PPOs thus far, B-schools, other than Indian Institutes of Management, such as XLRI, Amity Business School, and Institute of Rural Management Anand (IRMA) are witnessing or anticipating double-digit growth over the same period last year.

While offers are still being confirmed by recruiters, management campuses are expecting the rise in PPOs to ease the final placement process as well.

For instance, having seen a growth in number of PPOs from 18 in 2017 for its 2016-18 batch to 28 last year for its 2017-19 one, IRMA is expecting the numbers to only grow, said director Hitesh Bhatt.

Similarly, XLRI's human resource management students have seen PPOs rise to 58 so far since completion of summer internships, as compared to 53 for the same period last year. According to Rajiv Mishra, chairperson of placements at XLRI-Xavier School of Management, a major reason for the rise is due to recruiters wanting to hand out more offers through PPOs than final hiring, since candidates have already proved themselves at the organisations during internships.

"Recruiters, especially FMCGs (makers of fast moving consumer goods) are increasingly seeking organisation and culture fit, since capability specific to the sector can be moulded in the management trainee programme most of them have for final hires. The hiring outlook this year looks better in certain sectors such as consulting. However, recruiters from automobiles and FMCG might offer lower numbers, judging by initial discussions. However, the numbers will be known only after the process," Mishra told *Business Standard*.

As such, consulting has already seen a rise in the number of PPOs offered so far this year. At XLRI, as against 20 PPOs offered in all last year, the number this year is already 18, with more expected. In sheer number, FMCG remains the sector which has offered the highest number of PPOs at Xavier School of Management.

Amity University's Amity Business School (ABS) has seen PPOs already double, albeit in small numbers. As against three PPOs last year by mid-September, it has got six, of which three are from Deloitte, said Sanjeev Bansal, director.

"Recruiters are happy with the kind of talent pool we have. There have been new, as well as old, recruiters which have come till date and shared positive feedback," said Bansal. Among the sectors, he adds, BFSI (banking, financial services and insurance) and information technology have led PPOs at the campus this year

# APAR INDUSTRIES LTD.

**(CIN : L91110GJ1989PLC012802)**

**Registered Office :** 301, Panorama Complex, R. C. Dutt Road, Vadodara - 390 007 (Gujarat), India.
**Tel. No. :** (0265) 2339906 **Fax :** (0265) 2330309 **E-mail :** com_sec@apar.com **Website :** www.apar.com

Pursuant to the Securities and Exchange Board of India (SEBI) Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated 06-11-2018, Notice is hereby given that the following Equity Share Certificate(s) of the Company have been lodged by the Transferee for transfer of Shares as contained in the respective share certificate(s) in his name.

| Folio No. | Transferor's Name | Certi. No(s) | Distinctive Nos. | No. of Shares | Transferee's Name |
|---|---|---|---|---|---|
| O0000021 | Otmal | 130619-130620 & 159645 | 1796103-1796114 & 24295040-24295043 | 16 | Apurav Luniya |
| C0000124 | Chhagan Kothari | 107795-107796 & 155785 | 750081-750092 & 24264251-24264254 | 16 | Apurav Luniya |
| I0000049 | Iswar Kumar Solanki | 115410-115411 & 157123 | 1282306-1282317 & 24275320-24275323 | 16 | Apurav Luniya |
| S0000619 | Suhil Kumar Jain | 141368-141369 & 161534 | 2739196-2739207 & 24310477-24310480 | 16 | Apurav Luniya |

Any person(s) having a claim in respect of the said Share Certificate(s) mentioned herein above, should immediately send full details with documentary evidence of the claim to the Company at its Registered Office address so as to reach the Company within thirty(30) days from the date of publication of this Notice, failing which, the Company shall proceed for transfer of above referred shares in favour of the Transferee, without further information. A published copy of this Notice is being posted on Company's website at www.apar.com

**For Apar Industries Limited**
Sd/-
**Sanjaya Kunder**
**Company Secretary**

Place : Mumbai
Date : 28-09-2019

# ABHYUDAYA CO-OP. BANK LTD.

**(Multi-State Scheduled Bank)**

**Jaymangal House, Block B, Nr. Gandhigram Rly. Station, Mithakhali, Ellisbridge, Ahmedabad - 380 009 Tel. No.079 26581891/ 26581892**

**[ Under Rule 8 (1) ]**

**POSSESSION NOTICE**

Whereas, the undersigned being the Authorized Officer of the Abhyudaya Co-op. Bank Ltd. under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 (the said Act) and in exercise of powers conferred under section 13(2) read with rule 9 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice to repay the amount mentioned in the notice within 60 days from the date of receipt of the said notice. The Borrower(s)/ Guarantors having failed to repay the amount, notice is hereby given to the borrower(s)/ Guarantors and the public in general that the undersigned has taken "symbolic possession" of the property on 25/09/2019 described herein below in exercise of powers conferred on him under section 13(4) of the said Act read with rule 9 of the said rules. The Borrower(s)/ Guarantors in particular and the public in general are hereby cautioned not to deal with the Property and any dealings with the said mention below property will be subject to the charge of the Abhyudaya Co-op. Bank Ltd.

| Sr. No. | Name of the Borrower(s)/ Owners | Date of Demand Notice & O/s. Amount | Type of Possession | Description of Immovable Property |
|---|---|---|---|---|
| 1 | **BORROWER : (Property Owner)** (1)Mrs. Shantaben Narayanbhai Samal **GUARANTORS :** (1) Mr. Narayanbhai Keshavbhai Samal (2) Mr. Rameshbhai Rambhai Patel | 31/12/2018 Rs.6,94,620/- + Further Int. & Expenses From 01/12/2018 | Symbolic | All that undivided piece and parcel of an immovale property bearing Flat No.133 of Block No.12 i.e. Flat No.12/133, Ground Floor, admeasuring 62.70 Sq.mtr. in the scheme of 168, L.I.G. scheme known as "Lal Bahadur Shastri Apartment" constructed by the Gujarat Housing Board on leasehold land bearing Survey No.163/3/2, Final Plot Nos.159, 160, 161, 164 of Town Planning Scheme No.11, Mouje Rakhial, Taluka City-East, District Ahmedabad and Sub-District Ahmedabad-7 (Odhav). As per AMC Tax Bill Tenamanet No.0421-05-3926-0001-D. |

**Date: 25-09-2019**
**Place: Ahmedabad**

**Sd/- Authorized Officer**
**ABHYUDAYA CO-OP. BANK LTD.**

### સૌરાષ્ટ્રમાં ગરબા આયોજકો સહિત

# ખેલૈયાઓ ચિંતિત : આસો માસમાં પણ અષાઢી માહોલ સર્જાતા ચિંતા

**રાજકોટ**,તા.૨૯

ગુજરાતમાં મેઘરાજા ખમૈયા કરવાનું નામ નથી લઈ રહ્યાં. જેને પગલે આસો માસમાં પણ અષાઢ મહિના જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો સતત વરસાદથી લીલા દુષ્કાળની ભીતિ પણ સેવાઈ રહી છે. રાજકોટમાં ફરીવાર મેઘસવારી શરૂ થઈ. ધોધમાર વરસાદના કારણે શહેરના કેટલાક વિસ્તારમાં પાણી ભરાયા.રાજકોટ સહિત મોરબીમાં પણ મેઘરાજા મહેરબાન બન્યા છે.રાજકોટમાં ભારે વરસાદના કારણે રૈયા સર્કલ જળબંબાકારની સ્થિતિ છે. રૈયા સર્કલ પારે પાણી ભરાયા જેથી વાહન ચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. રાજકોટના સરધારમાં ધોધમાર વરસાદ થયો.ધોધમાર વરસાદથી ઉભા પાકને નુક્સાન થવાની ભીતી છે ત્યારે ધરતીપુત્રોએ હવે મેઘરાજાને ખમૈયા કરવા પ્રાર્થના કરી રહ્યા છે.ધોરાજીમાં પણ પ્રથમ નવરાત્રિના દિવસે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. એક કલાકમાં એક ઈંચ વરસાદના કારણે શહેરમાં પાણી ભરાયા.જેથી લોકોની હાલાકીમાં વધારો થયો હતો. તો આ તરફ ગોંડલમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ પડ્યો. વરસાદના કારણે શહેરના મુખ્ય માર્ગ સહિત નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા.જેથી લોકોની હાલાકીમાં વધારો થયો છે. પોરબંદરમાં પણ ફરીવાર મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. મોડી રાત્રે શરૂ થયેલો વરસાદ સવારે પણ શરૂ રહ્યો.વરસાદના કારણે શહેરમાં પાણી ભરાયા.ઉપરવાસમાં ભારે વરસાદના કારણે પોરબંદરના ઘેડ પંથકમાં પાણી ફરી વળ્યાં. ભાદર અને ઓઝાતના દરવાજા ખોલવામાં આવતા ઘેડમાં જળબંબાકારની સ્થિત છે. જ્યારે કેટલાક ખેડૂતોના ખેતરમાં પણ પાણી ભરાયા છે. જેથી ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે.જૂનાગઢના માંગરોળ પંથકમાં ભારે વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી છે. માંગરોળ પંથકના ઘેડના ગામો ફરીવાર બેટમાં ફેરવાયા છે.ઘોડાદર, સરમા, બગસરા, સામરડા સહિતના આજુબાજુના પંથકોમાં ખેતરો ધોવાયા છે. ઉભા પાક પર પાણી ફરી વળતાં ખેડૂતો ચિંતિત બન્યા છે.વરસાદના કારણે માંગરોળ- કેશોદ હાઈવે ઉપર પૂરના પાણી ફરી વળતા હાઈવે બંધ કરવામાં આવ્યો છે. જ્યારે માંગરોળ શહેરમાં પણ ગોઠણ ડૂબ પાણી ભરાયા છે. જેથી જનજીવનર પર અસર થઈ છે. જૂનાગઢમાં ધોધમાર વરસાદના કારણે નરસિંહ મહેતા તળાવ ઓવરફ્લો થયુ.ગિરનાર પર્વત પર વરસાદથી દામોદરકુંડ છલકાયો છે. જ્યારે શહેરના ઝાંઝરડા રોડ પર આવેલા બ્રીજ પાસે પણ વરસાદી પાણી ભરાયા છે. જેથી લોકોની મુશ્કેલીમાં પણ વધારો થયો છે. ગીર પંથકમાં મોડી રાત્રે ભારે વરસાદ થયો હતો. જેને કારણે કોડિનારના ફાચરિયા નજીક અરણેજ રોડ પર પાણી ફરી વળ્યા.. આસપાસના ખેતરોમાં પણ વરસાદના પાણી ફરી વળતાં ઉભા પાકને નુકસાન થવાની ભીતી સર્જાઈ છે. જુનાગઢ જીલ્લાનાના ગડુમા આજે ચોથા દિવસે પણ વરસાદની હેલી જોવા મળી હતી.અવિરત વરસી રહેલા વરસાદના કારણે રાસગરબાના ઉલ્લાસ પર પાણી ફેરી વળ્યાં છે. સતત વરસાદથી મગફળી કપાસ અને કઠોળ જેવા પાકને નુકશાન થયું છે.દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં સાંબેલાધાર વરસાદ પડતા ૨ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. શહેરના માર્ગો પર ધસમસતા પાણી વહી રહ્યા છે. તો નીચાણવાળા વિસ્તાર જેવા કે સલાયા ગેટ પુલ પરથી પાણી ફરી વળ્યા છે. ભારે વરસાદને પગલે અનેક લોકોના ઘરમાં પાણી ઘુસ્યાં છે.

# દિવાળી પર રેલવે ચલાવશે ૪૪ સ્પેશિયલ ટ્રેન : મુસાફરોને ભેંટ

**નવીદિલ્હી** ,તા.૨૯

તહેવારો પર ભારતીય રેલવે એ મુસાફરોને મોટી ભેટ આપી છે. આગામી દિવાળી અને છઠ પૂજા દરમિયાન ઉત્તર રેલવેએ મુસાફરોની સુવિધા માટે ૪૪ વિશેષ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. ઉત્તર રેલવે દ્વારા નવી ટ્રેનો શરૂ થવાને કારણે મુસાફરોને ઘેર આવવા-જવામાં ઘણી રાહત મળશે. દિલ્હીથી લખનૌ, વારાણસી, મુઝફ્ફરપુર, પટના, ગયા, ગોરખપુર, છપરા, મુંબઈ, પુણે, વૈષ્ણો દેવી અને સહારનપુર સહિત અનેક શહેરોમાં વિશેષ ટ્રેનો દોડશે.ઉત્તર રેલવેએ દિવાળી અને છઠ પૂજા -૨૦૧૯ દરમિયાન મુસાફરોની સુવિધા માટે છાપરા-દિલ્હી-જંક્શન વચ્ચે અઠવાડિયામાં વિશેષ ટ્રેન નંબર ૦૫૧૦૧/૦૫૧૦૨ ચલાવવાનું નક્કી કર્યું છે. આ ટ્રેનમાં સ્ટોપ બલિયા, માઉ, મહંમદબાદ, આઝમગઢ, ખોરાસન રોડ, શાહગંજ, ફૈઝાબાદ, બારાબંકી, લખનઉ (એનઆર), બરેલી અને મુરાદાબાદ સ્ટેશનો પર રહેશે.ઉત્તરી રેલવે આનંદ વિહાર ટર્મિનલથી ગયા વચ્ચે ખાસ ટ્રેન નંબર ૦૪૦૯૮/૦૪૦૯૭ ચલાવશે. આ ટ્રેન અઠવાડિયાના બે દિવસ ૨૬ ઑક્ટોબર સુધી ચાલશે. આમાં૩ ટાયર એર કન્ડિશન્ડ, સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેન મુરાદાબાદ, બરેલી, લખનઉ, સુલતાનપુર, વારાણસી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંકશન, ભભુઆ રોડ, સાસારામ અને દેહરી ઓન સોન સ્ટેશનો પર રોકાશે.આ ઉપરાંત આનંદ વિહાર ટર્મિનલ અને ગયા વચ્ચે અન્ય એક વિશિષ્ટ ટ્રેન નંબર ૦૪૦૪૪/૦૪૦૪૩ દોડશે. આ ટ્રેનની શરુઆત ૨૭ ઑક્ટોબર ૨૦૧૯ થી શરૂ થશે. આ ટ્રેનનો સ્ટોપ ગાઝિયાબાદ, કાનપુર, અલ્હાબાદ, પં. દીન દયાળ ઉપાધ્યાય જંકશન, ભભુઆ રોડ, સાસારામ અને દેહરી ઓન સોને રહેશે.

તેમાં ૨ ટાયર એર કન્ડિશન્ડ, ૩ ટાયર એર કન્ડિશન્ડ, સ્લીપિંગ અને જનરલ કોચ હશે.ઉત્તર રેલવે મુંબઇના છત્રપતિ શિવાજી ટર્મિનલથી લખનૌ સુધીની વિશેષ ટ્રેન ચલાવશે. ટ્રેન નંબર ૮૨૧૦૭/૦૧૦૨૦ એ અઠવાડિયાની ટ્રેન હશે અને તે અઠવાડિયાના બે દિવસ મંગળવાર અને બુધવારે દોડશે. આ ટ્રેન ૧ ઑક્ટોબરથી શરૂ થશે અને ૫ નવેમ્બર સુધી ચાલશે. આ ટ્રેન દાદર, કલ્યાણ, ઈગતપુરી, નાસિક રોડ, ભુસાવાલ, ઈટારસી, ભોપાલ, ઝાંસી, ઉરઈ અને કાનપુર સેન્ટ્રલ જંક્શન પર અટકશે. આ ટ્રેનમાં ૨ ટાયર એર કન્ડિશન્ડ, ૩ ટાયર એર કન્ડિશન્ડ, સ્લીપર અને જનરલ કોચ હશે.

# બીસીસીઆઈની સલાહકાર કમિટીને નોટીસ, શાસ્ત્રીની નિમણૂંક પ્રક્રિયા ફરી યોજાઈ શકે

**નવીદિલ્હી** ,તા.૨૯

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના એથિક્સ અધિકારી ડીકે જૈનને શનિવારે ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવના વડપણ હેઠળની ક્રિકેટ સલાહકાર કમિટી(સીએસી)ને હિતોના ટકરાવ મામલે નોટિસ મોકલી છે. સીએસીએ ગયા મહિને જ રવિ શાસ્ત્રીની ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ પદે વરણી કરી હતી. સીએસીમાં કપિલ દેવ સિવાય શાંતા રંગાસ્વામી અને અંશુમન ગાયકવાડ છે. ડીકે જૈને ૧૦ ઓક્ટોબર સુધી જવાબ માગ્યો છે. નોટિસ મળતા જ શાંતાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.સીએસીની નોટિસ મળવાને કારણે શાસ્ત્રીની નિમણૂંક અંગે પણ તપાસ થઈ શકે છે. એવી અટકળો લાગી રહી છે કે તપાસ બાદ બીસીસીઆઇને કોચની નિમણૂક પ્રક્રિયા ફરીથી કરવી પડી શકે છે. બોર્ડના એક અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, જો હિતોના ટકરાવ મામલે દોષિ જાહેર કરવામાં આવે છે તો શાસ્ત્રીને ફરીથી તમામ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.તેમણે જણાવ્યું હતું કે, સીએસી દ્વારા દોષિ જાહેર થતા એક નવી કમિટીની રચના કરાશે. જેને કારણે કોચની નિમણૂકની પ્રક્રિયા ફરીથી થશે. બોર્ડના નવા બંધારણ મુજબ, માત્ર એક સીએસી જ ભારતીય ટીમના કોચની નિમણૂક કરી શકે છે. શાસ્ત્રી પ્રથમ વખત ૨૦૧૭માં ભારતીય ટીમના કોચ બન્યા હતા. ત્યારબાદ ગયા મહિને ૧૬ તારીખે ફરીથી તેમની નિમણૂક કરવામાં આવી હતી.

તેમનો કાર્યકાળ ૨૦૨૧માં સમાપ્ત થશે.મધ્ય પ્રદેશ ક્રિકેટ સંઘ (એમપીસીએ)ના સભ્ય સંજીવ ગુપ્તાએ સીએસીની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, કોચની પસંદગી કરનારી કમિટીના સભ્ય એક સાથે અનેક ભૂમિકા નિભાવી રહ્યા છે. કપિલ દેવ સીએસીના પ્રમુખ હોવાની સાથે-સાથે કોમેન્ટ્રેટર, એક ફ્લડલાઇટ કંપનીના માલિક અને ભારતીય ક્રિકેટર્સ સંઘના સભ્ય પણ છે. બીજી તરફ ગાયકવાડ એક એકેડમીના માલિકની સાથે બીસીસીઆઇની માન્યતા પ્રાપ્ત કમિટીના સભ્ય પણ છે. શાંતા રંગાસ્વામી સીએસીમાં હોવાની સાથે આઇસીએમાં પણ છે.

# આરબીઆઈ દિવાળી પહેલા લોન ધારકોને ખુશખબર આપી શકે છે

**નવીદિલ્હી** ,તા.૨૯

રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયા દિવાળી પૂર્વે વધુ એક વખત વ્યાજ દરમાં ઘટાડો કરીને લોનધારકોને રાહતના સમાચાર આપી શકે છે. મોટાભાગના નિષ્ણાતોના મતે આરબીઆઈ ૪ ઓક્ટોબરના સળંગ પાંચમી વખત મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં ચાવીરૂપ વ્યાજ દરમાં ઘટાડાની જાહેરાત કરી શકે છે. કેન્દ્ર સરકારે અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા માટે તાજેતરમાં જ કોર્પોરેટ ટેક્સમાં ઘટાડા સહિતના મહત્વના પગલાંની જાહેરાત કરી હતી. અર્થતંત્રને ધબકતું રાખવા અને તરલતાને ગતિમાન રાખવા આરબીઆઈ પણ રેપો રેટમાં ઘટાડો કરશે તેમ મોટાભાગના આર્થિક નિષ્ણાતોનું માનવું છે.ચાલુ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં આરબીઆઈએ ટૂંકા ગાળાના ધિરાણ દર રેપો રેટમાં ચાર વખત (૧.૧૦ ટકા) ઘટાડો કર્યો છે.

# ભારે વરસાદથી બિહાર બેહાલ ૧૦ લોકોનાં મોત, અનેક ટ્રેનો રદ

**પટના**,તા.૨૯

બિહારમાં સતત પડી રહેલા મૂશળધાર વરસાદનો કહેર હવે લોકો પર મોત બનીને તૂટવા લાગ્યો છે. રવિવારે અલગ-અલગ દુર્ઘટનાઓમાં અહીં ઓછામાં ઓછા દસ લોકોના મોત થયા છે. પહેલી ઘટના ભાગલપુરની છે, જ્યાં જિલ્લાના બરારી પોલીસ સ્ટેશન હદમાં આવેલા હનુમાન ઘાટે સ્નાન કરતી વખતે જૂના મંદિરની દીવાલ ધસી પડી. દીવાલ ધસી જવાથી કાટકાળમાં દબાઈને ત્રણ લોકોનાં મોત થયા, જ્યારે અનેક લોકો દબાયા હોવાની આશંકા છે.મળતી જાણકારી મુજબ, શારદીય નવરાત્રીને કારણે લોકો ઘાટ પર ગંગા સ્નાન કરવા માટે પહોંચ્યા હતા.આ દરમિયાન સતત પડી રહેલા વરસાદને કારણે ઘાટની પાસે ઓવા મંદિર પરિસરની દીવાલ ધસી પડી, જેમાં ઘાટ પર હાજર લોકો દબાઈ ગફા. ઘટનાની જાણ થતાં એસડીએ અને ડીએસપી સહિત અન્ય પોલીસ સ્ટેશનના કર્મચારી એસડીઆરએસ ટીમની સાથે ઘટનાસ્થળે પહોંચી. એસડીઆરએફની ટીમે જેસીબી મશીનથી કાટકાળને હટાવ્યો અને ત્રણ લોકોને બહાર કાઢ્યા. ત્રણેયને તાત્કાલિક જવાહરલાલ નહેરુ મેડિકલ કોલેજ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. કાટમાળ હટાવવાનું કામ ચાલુ છે.

ભાગલપુરમાં ત્રણ અલગ-અલગ સ્થળે દીવાલ પડવા અને કાટમાળમાં દબાવાથી ૬ લોકોનાં મોત થયા છે. હનુમાનઘાટમાં જ્યાં ત્રણ લોકોનાં મોત થયા છે, બીજી તરફ મહારાજઘાટમાં બે અને સુંદરનગરની પાસે એકનું મોત થયું છે. હનુમાનઘાટની પાસે સુકરાલ દાસ (૫૫ વર્ષ), ક્ષિતીજ કુમાર (૨૪ વર્ષ), વિવેક કુમાર (૪૦ વર્ષ) જ્યારે મહારાજાઘાટની પાસે સલોની કુમારી (૧૩ વર્ષ), અનિલ શર્મા (૪૫ વર્ષ) અને સુંદરવનની પાસે વિકાસચંદ્ર દાસ (૫૫ વર્ષ)નું મોત થયું છે.બીજી ઘટના પટના પાસે આવેલા દાનાપુર વિસ્તારની છે, જ્યાં વૃક્ષ પડવાથી ચાર લોકોનાં મોત થયા છે. ઘટના ખગૌલીની છે જ્યાં ઑટો પર વિશાળ વૃક્ષ પડ્યું. આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત થયા છે. મૃતકોમાં ત્રણ મહિલા અને એક બાળકી સામેલ છે. મૃતકોની ઓળખ હજુ સુધી નથી થઈ શકી.બિહારના ૧૫ જિલ્લાઓમાં જ્યાં હાઈ અલર્ટ છે ત્યાંનું રેલ પરિવહન પણ ખરાબ રીતે પ્રભાવિત થયું

# ફોન ના ચાલતા હોય એટલે માનવધિકારોનો ભંગ ના કહેવાય : અમિત શાહ

**નવીદિલ્હી** ,તા.૨૯

ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરવાના નિર્ણયની ટીકા કરનારાઓને જવાબ આપતા આજે કહ્યુ હતુ કે, હવે સમય આવી ગયો છે કે, દેશનો સાચો ઈતિહાસ લખવામાં આવે.પૂર્વ સિવિલ સર્વિસ ઓફિસર્સ દ્વારા નહેરુ મેમોરિયલ લેકચર સિરિઝમાં અમિત શાહે વકતવ્ય આપતા કહ્યુ હતુ કે, દેશ આઝાદ થયો ત્યારે ૬૩૦ રજવાડા એક કરવામાં કોઈ સમસ્યા નહોતી નડી પણ જમ્મુ કાશ્મીરને એક કરવામાં ૨૦૧૯ સુધી રાહ જોવી પડી હતી. દેશના રજવાડાઓને એક કરવાનુ કામ જો સરદાર પટેલ ના હોત તો ના થઈ શકત.તેમણે કહ્યુ હતુ કે, કાશ્મીરના ઈતિહાસ સાથે ચેડા કરવામાં આવ્યા છે.જેમણે આ મુદ્દે ભુલો કરી હતી તેમણે જ ઈતિહાસ લખ્યો હોવાથી લોકોને ભૂલોની ખબર પડી જ નથી.હવે સાચો ઈતિહાસ લખવાનો સમય આવી ગયો છે.હજી કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટે બે મહિના નથી થયા ત્યાં તો લોકો ધરપકડોને લઈને કાગારોળ મચાવી રહ્યા છે. કોંગ્રેસે તો શેખ અબ્દુલ્લાને ૧૧ વર્ષ જેલમાં રાખ્યા હતા.તે વખતે કઈ કલમ હતી. આજે કોંગ્રેસને તેમની ચિંતા થાય છે.અમિત શાહે સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે, ૩૭૦ કલમના કારણે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદનો સિલસિલો શરુ થયો હતો. જેમાં ૪૧૦૦૦ લોકો જીવ ગુમાવી ચુક્યા છે. માનવધિકારોની વાત ઉઠાવનારાઓએ મોતને ભેટેલા લોકોની વિધવાઓ અને તેમના અનાથ થયેલા બાળકોની ચિંતા કરી છે ખરી? કોઈ વિસ્તારમાં ફોન ચાલતા ના હોય તો તે માનવધિકારીનુ ઉલ્લંઘન નથી.લોકો કહે છે કે, ૩૭૦ હટશે તો કાશ્મિરિયત ખતમ થઈ જશે.હું પૂછું છું કે ગુજરાતમાં કલમ ૩૭૦ નથી તો શું ગરબા ખતમ થઈ ગયા? કર્ણાટકમાં કન્નડ સંસ્કૃતિ ખતમ થઈ ગઈ? સત્ય તો એ છે કે, કલમ ૩૭૦ લગાવીને કાશ્મીરી સંસ્કૃતિને દેશમાં પ્રસરતી અટકાવાઈ છે.

# આજે બીજુ નોરતુ : માઁ શકિતનું બીજુ રૂપ બ્રહ્મચારિણી

ગાંધીનગર,તા.૨૯

માઁ દુર્ગાની નવ શક્તિયોમાં બીજુ રૂપ બ્રહ્મચારિણીનું છે. અહીં બ્રહ્મ શબ્દનો અર્થ તપસ્યા થાય છે બ્રહ્મચારિણી અર્થાત તપની ચારિણી, તપનું આચરણ કરવાવાળી. કહ્યું પણ છે - વેદસ્તત્વ તપો બ્રહ્મ- વેદ, તત્વ અને તપ 'બ્રહ્મ' શબ્દનો અર્થ છે.

દુર્ગા પૂજાના બીજા દિવસે આ જ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'સ્વાધિષ્ઠાન' ચક્રમાં સ્થિત હોય છે. આ ચક્રમાં અવસ્થિત મનવા યોગી તેમની કૃપા અને ભક્તિ મેળવે છે.

બ્રહ્મચારિણી દેવીનું સ્વરૂપ પૂર્ણ જ્યોતિર્મય અને અત્યંત ભવ્ય છે. તેમના જમણા હાથમાં જપની માળા અને ડાબા હાથમાં કમંડળ હોય છે.

પોતાના પૂર્વ જન્મમાં જ્યારે તે હિમાલયના ઘરે પુત્રી બનીને અવતર્યા હતા, ત્યારે નારદજીના ઉપદેશથી તેમણે ભગવાન શંકરજીને પતિના રૂપમાં મેળવવાં માટે ખૂબ કડક તપસ્યા કરી હતી. આ કડક તપને કારણે તેમણે તપશ્ચારિણી એટલેકે બ્રહ્મ ચારિણીના નામથી ઓળખવામાં આવે છે.

એક હજાર વર્ષ તેમણે ફક્ત ફળ-ફૂલ ખાઈને જ વિતાવ્યા હતા. સો વર્ષો સુધી ફક્ત શાકભાજી ખાઈને ગુજારો કર્યો હતો. કેટલાક દિવસ સુધી કઠણ ઉપવાસ રાખીને ખુલ્લા આકાશ નીચે વરસાદ અને તડકાનું ભયંકર કષ્ટ સહન કર્યુ. આ કઠણ તપસ્યા પછી ત્રણ હજાર વર્ષો સુધી ફક્ત જમીન પર તૂટીને પડેલાં બિલિપત્રોને ખાઈને ભગવાન શંકરની આરાધના કરી હતી પછી તેમણે આ બિલિપત્રોને પણ ખાવાનું છોડી દીધુ જેને કારણે તેમનુ નામ 'અપર્ણા' પડી ગયુ.

કેટલાય હજાર વર્ષોની આ કઠણ તપસ્યા ને કારણે બ્રહ્મચારિણી દેવીનું એ પૂર્વ જન્મનું શરીર ક્ષીણ થવા માંડ્યુ. તે ખૂબ જ દૂબળા થઈ ગયા હતા. તેમની આ દશા જોઈને તેમની માતા મેના ખૂબ જ દુઃખી થઈ ગઈ. તેમણે આ કઠણ તપસ્યાથી દેવીને મુક્ત કરવા માટે બૂમ પાડી ' ઉમા, અરે !, ઓ નહી ' ત્યારથી દેવી બ્રહ્મચારિણીના પૂર્વ જન્મનું એક નામ 'ઉમા' પણ પડી ગયું હતુ.તેમની આ તપસ્યાથી ત્રણે લોકમાં હાહાકાર મચી ગયો. દેવતા, ઋષિ, સિધ્ધગણ, મુનિ બધા બ્રહ્મચારિણી દેવીની આ તપસ્યાને અભૂતપૂર્વનુ પુણ્યકૃત્ય બતાવતા તેમના વખાણ કરવા લાગ્યા.

છેવટે પિતામહ બ્રહ્માજીએ આકાશવાણી દ્વારા તેમણે સંબોધિત કરતાં પ્રસન્ન સ્વરોમાં કહ્યું - હે દેવી, આજ સુધી કોઈએ આવી કઠોર તપસ્યા નથી કરી. આવી તપસ્યા તમે જ કરી શકો છો. તમારા આ કામની ચારો લોકમાં પ્રશંસા થઈ રહી છે, તમારી મનોકામના જરૂર પૂરી થશે. ભગવાન ચન્દ્રમૌલિ શિવજી તમને પતિના રૂપમાં જરૂર પ્રાપ્ત થશે. હવે તમે તપસ્યાથી દૂર થઈને ઘર ચાલ્યા જાવ.

બહુ જલ્દી જ તમારા પિતા તમને બોલાવવા આવી રહ્યાં છે.માઁ બ્રહ્મચારિણી ભક્તો અને સિધ્ધ પુરૂષોને અનંત ફળ આપવાવાળી છે. તેમની ઉપાસનામાં તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર, સંયમની વૃધ્ધિ થાય છે. જીવનના આવતા સંઘર્ષો દરમિયાન પણ તેમનુ મન કર્તવ્ય-પથથી વિચલિત નથી થતુ. માઁ ની કૃપાથી તેને બધે જ સિધ્ધિ અને વિજયની પ્રાપ્તિ થાય છે.

# માથાભારે મયંકે બંટીની પત્નીના ખાતામાં ૨ હજાર જમા કરાવ્યા અને હત્યા થઈ

વડોદરા, તા. ૨૯

મંગળબજારના વોન્ટેડ પંડ્યા બંધુઓએ ભૂતકાળના મિત્ર મયંક ટેલરની તલવાર અને ગુપ્તીના ૮ ઘા ઝીંકી કરેલી હત્યા પાછળ આડાસંબંધ જવાબદાર હોવાનો ઘટસ્ફોટ થયો છે. બંટી પંડ્યાની પત્ની ધારાના બેંક એકાઉન્ટમાં ૩ દિવસ પહેલા મયંક ટેલરે રૂા. ૨ હજાર જમા કરાવ્યા હોવાની જાણ થઇ જતાં ખંડણીખોર બંટી અને તેના ભાઇએ ગુરુવારે રાત્રે નવાબજારના નાકે મયંક ટેલરની કરપીણ હત્યા કરી ફરાર થઇ ગયા હતાં. પોલીસે હત્યારા બંધુઓની શોધખોળ હાથ ધરી છે.

દોઢ મહિના પહેલા જ મંગળબજારના ખંડણીખોર સમીર ઉર્ફે બંટી અશોક પંડ્યા અને ચિરાગ અશોક પંડ્યાએ અગાઉની અદાવતે મયંક ટેલર સાથે મારામારી કરી હતી. પોલીસ ચોપડે વોન્ટેડ બંધુઓએ ગુરુવારે રાત્રે ૯:૩૦ કલાકે નવાબજારના નાકે શંકર પાનના ગલ્લા પર મિત્રો રાજુડી અને લાલુ સાથે ઉભેલા મયંક ટેલર પર ઘાતકી હુમલો કર્યો હતો. પંડ્યા બંધુઓએ તલવાર અને ગુપ્તીના ઉપરાછાપરી ૮ ઘા ઝીંકી દેતાં મયંક લોહીલુહાણ હાલતમાં રોડ પર ફસડાઇ ગયો હતો. ગંભીર ઘાયલ મયંકને સયાજી હોસ્પિટલમાં ખસેડતાં ટૂંકી સારવારમાં જ તેનું મોત નીપજ્યું હતું. જાહેરમાં હત્યાના પગલે ક્રાઇમ બ્રાન્ચ સહિતની પોલીસ ટીમો એક્શનમાં આવી ગઇ હતી. હત્યાના પ્રત્યાઘાત ન પડે તે માટે પોલીસે ઘટના સ્થળ અને હોસ્પિટલ પર બંદોબસ્ત ગોઠવી દીધો હતો.હત્યા પાછળ મયંક અને બંટીની પત્ની ધારા વચ્ચેના આડાસંબંધ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. સિટી પીઆઇ ડી.જે. સોસાએ જણાવ્યું કે, ૩ દિવસ પહેલા મયંકે ધારાના બેંક એકાઉન્ટમાં રૂા. ૨ હજાર જમા કરાવ્યા હતાં. તેની જાણ બંટીને થઇ જતાં મામલો બિચક્યો હતો. અગાઉના ગુનામાં બંને ભાઇ વોન્ટેડ હતા, રાત્રે અચાનક આવી મયંકની હત્યા કરી હતી. બંને હુમલાખોરની શોધખોળ ચાલી રહી છે.

સયાજી હોસ્પિટલમાં શુક્રવારે બપોરે દોઢથી બે કલાક સુધી મયંક ટેલરનું પોસ્ટમોર્ટમ ચાલ્યું હતું. જે સામાન્ય પોસ્ટમોર્ટમ કરતાં વધુ લાંબું હતું. આ પોસ્ટમોર્ટમ બે તબીબો દ્વારા થયું હતું. પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટમાં તેના શરીર પરના ઘાની વિગતનો ખયાલ આવે છે. તેના શરીરે ૧૫થી ૨૦ જેટલા ઘા હતા. તમામ ઘા તીક્ષ્ણ હથિયારોથી થયા હતા. માથા, ગળા, બોચી, બંને હાથ, બરડાના પાછળના ભાગ, પગ વગેરે અંગો પર હથિયારો વિંઝાયાં હતાં. બંને હાથનાં કાંડાં પર પણ તલવારના જોરદાર ઘા મારવામાં આવ્યા હતા. આ ઉપરાંત બરડા અને ગળાના ભાગે પણ વધુ ઊંડા તીક્ષ્ણ ઘા જોવા મળ્યા હતા. પોલીસે હત્યા કરી ભાગી છૂટેલા ચિરાગ અને બંટીની શોધખોળ હાથ ધરી છે. તેમજ આશ્રય સ્થાનો પર વોચ ગોઠવી છે.

મંગળબજારના વેપારીઓ પાસેથી ખંડણી ઉઘરાવતા સમીર ઉર્ફે બંટી અને ચિરાગ પંડ્યાનો ગુનાઇત ભૂતકાળ છે. ચિરાગ વિરૂદ્ધ લૂંટનો એક, ખંડણીના ૪ , હત્યાની કોશિશનો એક અને મારામારીના ૨ મળી કુલ ૮ ગુના નોંધાયા છે જ્યારે સમીર ઉર્ફે બંટી સામે હત્યાનો પ્રયાસ, મારામારી, ખંડણી અને લૂંટના ૨૪ ગુના નોંધાયેલા છે. બંનેની અગાઉ પાસા હેઠળ પણ અટકાયત કરાઇ છે. સામા પક્ષે મયંક ટેલર સામે પણ હત્યાના પ્રયાસ સહિત ૫ ગુના નોંધાયા છે, ધારાએ પણ અગાઉ તેની સામે ફરિયાદ કરી હતી તેવું પીઆઇ સોસાએ કહ્યું છે. મયંક પહેલા બંટી અને ચિરાગની ગેંગમાં જ હતો, તે છૂટો પડયા બાદ એકબીજાના લોહીતરસ્યા બન્યા હતાં.ક્રાઇમ બ્રાન્ચે અસલમ બોડિયો, અજ્જુ કાણિયો સહિતના ગુંડાઓને કાન પકડાવી દીધા છે. જમીન માફિયાઓ સામે પણ કડક કાર્યવાહી કરી છે પરંતુ ખંડણીખોર પંડ્યાબંધુઓ સામે લાચાર થઇ ગઇ છે. બંનેનું અગાઉ જાહેરમાં સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું છતાં દુકાનમાં ઘૂસીને વેપારીને માર માર્યો હતો અને તેનો વીડિયો પણ વાયરલ થયો હતો. બંને મંગળબજાર અને નવાબજાર વિસ્તારમાં જાહેરમાં ફરતા હોવા છતાં પોલીસને દેખાતા ન હતાં. રોડ પર લોહીલુહાણ મયંક છેલ્લા શ્વાસ ગણતો હતો અને લોકો વીડિયો ઉતારતા હતા

નવાબજાર શંકર પાનના ગલ્લા પાસે મયંક ટેલર પર જીવલેણ હુમલો થતાં તે વરસાદથી ભીના રોડ પર લોહીલુહાણ હાલતમાં પડ્યો હતો. આસપાસ લોકોનું ટોળું એકઠું થઇ ગયું હતું. કેટલાક લોકો તેને શ્વાસ લેવા માટે કહી રહ્યા હતા જ્યારે અમુક પોલીસને બોલાવવાની વાતો કરી એમ્બ્યુલન્સની રાહ જોતા હતા. મયંક છેલ્લા શ્વાસ ગણી રહ્યો હતો ત્યારે કેટલાક લોકો મોબાઇલમાં તેનો વીડિયો ઉતારી રહ્યા હતા.મયંકના કાકા રાજેશ ટેલરે કહ્યું કે, ચિરાગ અને બંટીએ અમારી સાથે ૧૦ વાર સમાધાન કર્યું છતાં મારી દુકાન સળગાવી દીધી હતી. ૩ મહિના પહેલા મયંકને માર માર્યો હતો. ૨ મહિના પહેલા તેની દુકાન પર પણ હુમલો કર્યો હતો. દોઢ મહિના પહેલા મયંકને છુટ્ટી ગુપ્તી મારીને પણ ભાગી ગયા હતાં. અમે દરેકમાં સંબંધ રાખી કશું કરતા ન હતાં અને ફરીવખત તલવારના ઘા મારી ઇજા કરી છે. અગાઉ અદાવત હતી પણ સમાધાન થઇ ગયું હતું. ૫ વર્ષથી તેની સાથે જતો નથી, બોલતો નથી એટલે બંને ભાઇએ હુમલો કર્યો છે, તેને છોડવા માગતા નથી. કાકી ચૈતાલી ટેલરે જણાવ્યું કે મયંક સુધરી ગયો છે તેને આ લોકો બગાડવા માગે છે, તું ક્યારે આવે છે મારી પાસે તેવું જ કહ્યા કરે છે.

# નવરાત્રીમાં નવી ફેશનઃ ચમકતા સ્ટિક ઓન ટેટૂ નવું આકર્ષણ બન્યા

**મુંબઇ**,તા.૨૯

આ વખતે નવરાત્રિની ખરી ફેશન ચમકતા સ્ટિક ઓન ટેટૂ નવું આકર્ષણ બન્યા છે. સર્વ સામાન્ય બિન્દીથી મોટા કદના આ ટેમ્પરરી (સ્ટિકર જેવા) ટેટૂ જુદી જુદી સ્ટાઈલ્સ અને ડિઝાઈનોમાં ઉપલબ્ધ થાય છે. યુવાનો આવા ટેટૂ તેમના હાથ, પીઠ, નખ, એડીઓ અને દૂંટી એમ જુદી જુદી જગ્યાઓ ચોંટાડે છે. નવી મુંબઈના વાશી સ્થિત એક મોલના માલિકે જણાવ્યું હતું કે આવા ટેટૂઝની માગ હાલ નવી મુંબઈમાં ઝાઝી નથી પણ ધીમે ધીમે તેની કદ અને ડિઝાઈન મુજબ ભાવ વધે છે. મોટાભાગના લોકો જરદોશી ડિઝાઈન્સ પસંદ કરે છે.પરંપરાગત પહેરવેશમાં દાંડિયા રમતાં યુવક-યુવતીનાં ચિત્રોની સૌધુ વધુ માગ છે. આ ટેટૂઝ ઝીણા આભલા, પાઈપ્સ, બટન્સ, મોતી વગેરે ચીજોથી સજાવેલા હોય છે. ટેટૂઝ પર આકર્ષક સ્ટોન્સ-કૃત્રિમ રત્નો ચોંટાડયા હોય એવા ટેટૂઝ પસંદ કરનારા પણ ઘણા છે.એક ટેટૂ ડિઝાઈનર કહે છે કે ટેટૂઝની માગ છોકરીઓ પૂરતી મર્યાદિત નથી. યુવાન છોકરાઓ પણ કાંડા પર કે ગળા પર આવા ટેટૂઝ ચોંટાડે છે. છોકરીઓ પીઠ પર કે પેટ પર ટેટૂઝ મુકાવવાનું પસંદ કરે છે. કોલેજમાં ભણતી છોકરીઓ ચણિયાચોળીને બદલે શોર્ટ સ્લીવલેસ કુરતીઓ અને કેપ્રીઝ પહેરતી હોય તો હાથ, એડી કે પગના પંજાની ઉપર ટેટૂ મુકાવે છે. વેસ્ટર્ન આઉટફીટ્સની સાથે ડ્રેગન્સ અને સૂર્યના ચિત્રો તેમ જ સ્ટોન્સ અને બીડ્સના પણ આકર્ષણો હોય છે.ડ્રેગન ટેટૂઝ એક જ વખત વાપરીને ફેંકી દેવાના હોય છે. અન્ય ટેટૂઝ તેમાં વપરાતા ગ્લૂ અને બીજા પદાર્થોની ક્વોલિટી પર આધાર રાખે છે. ગરબે રમવા ગોરાંદે સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરીને તૈયાર થાય છે ત્યારે તેના લુકને શોભાવે તેવાં ટેટૂ ચીતરાવવાનો અભરખો જાગે છે. ટેટૂ એટલે અગાઉના છૂંદણા, પારંપરિક છૂંદણા ત્રોફાવતાં સમય વેડફાઈ જતો હોય છે. આ માટે પહેલેથી જ પ્લાનિંગ કરવું પડે છે. આ વખતે અવનવી ડિઝાઈન ધરાવતા યુઝ એન્ડ થ્રો ટેટૂ પર ઉત્સવઘેલાંની નજર છે. ગાલ, હાથ, પગ, પીઠ પર ડ્રેસના રંગ અને ડિઝાઈન સાથે મેચ થતાં ટેટૂ ચીતરાવવા પાછળનો ખર્ચ રૂ.૩૦૦ થી ૧,૦૦૦ સુધીનો આવે છે.યુવતીઓના શોખને પોષવા અવનવી ડિઝાઈનનાં ઘરેણાંની શોપ્સમાં બંગડી, એરિંગ્સ, ચોલી કે પછી સહેજ ડૂંટી નીચેથી પહેરાતાં ઘાઘરાની ડિઝાઈન અને રંગ સાથે સુમેળ સાધે તેવાં આકર્ષક ટેટૂ તૈયાર મળે છે.આ વર્ષે ઘણાંએ ધાર્મિક પ્રતીક અને નંગવાળા ટેટૂ પર પસંદગી ઢોળી છે. ઘણાંએ ટેટૂ ચીતરાવવા કરતાં બાજુબંધ, ફૂલપાંખડી, ઉડાઉડ કરતાં પતંગિયા વગેરેની મિક્સ એન્ડ મેચ થતી મહેંદીની ડિઝાઈન મુકાવવાનું પસંદ કર્યું છે. તેઓ માને છે કે મહેંદી મુકવાથી તેઓ ટોળામાં નોખા તરી આવશે. ઉપરાંત ત્વચા પરનું રિએક્શન ટાળી શકાશે. દાંડિયા રમવાની શોખીન ખુશ્બુ કહે છે કે તેને ટેટૂ ચીતરાવવાનું ગમે છે ખરું પણ બ્લાઉઝની આસપાસ ગોળાકારમાં ફૂલપાંદડીની ડિઝાઈનવાળી અને પગે મહેંદી મુકાવવાનું મને વધુ પસંદ છે.તે વધુમાં કહે છે કે આ વખતે ડ્રેસ સાથે મેચ થતાં ઘરેણામાં સિલ્વરનાં ઘરેણાં તથા મિક્સ એન્ડ મેચનો વિકલ્પ અપનાવ્યો છે.


## અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(CIN : L91110GJ1989PLC012802)

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૩૦૧, પનોરમા કોમ્પ્લેક્ષ, આર.સી.દત્ત. રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭ (ગુજરાત), ઈન્ડીયા.
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૯૯૦૬, ફેક્સ: (૦૨૬૫) ૨૩૩૦૩૦૯ E-mail : com_sec@apar.com Website : www.apar.com

સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) ના પરિપત્ર ક્રમાંક સેબી/એચઓ/એમઆઈઆરએસડી/ડીઓએસ૩/સીઆઈઆર/પી/૨૦૧૮/૧૩૯ તારીખ: ૦૬-૧૧-૨૦૧૮ અન્વયે આથી સૂચના આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ ઈક્વીટી શેર્સ જે સંબધિત શેર પ્રમાણપત્રમાં જણાવેલ છે તે શેર તબદીલ લેનારના નામે હસ્તાંતરણ કરવા માટે કંપની પાસે મોકલવામાં આવેલ છે.

| ફોલીઓ નં. | તબદીલ આપનારનું નામ | પ્રમાણપત્ર નંબરો | ડીસ્ટીંક્ટીવ નંબરો | શેર્સની સંખ્યા | તબદીલ લેનારનું નામ |
|---|---|---|---|---|---|
| ઓ૦૦૦૦૦૨૧ | ઓટમલ | ૧૩૦૬૧૯-૧૩૦૬૨૦ અને ૧૫૯૬૪૫ | ૧૭૯૬૧૦૩-૧૭૯૬૧૧૪ અને ૨૪૨૯૫૦૪૦-૨૪૨૯૫૦૪૩ | ૧૬ | અપૂર્વ લુનિયા |
| સી૦૦૦૦૧૨૪ | છગન કોઠારી | ૧૦૭૭૯૫-૧૦૭૭૯૬ અને ૧૫૫૭૮૫ | ૭૫૦૦૮૧-૭૫૦૦૯૨ અને ૨૪૨૬૪૨૫૧-૨૪૨૬૪૨૫૪ | ૧૬ | અપૂર્વ લુનિયા |
| આઈ૦૦૦૦૦૪૯ | ઈશ્વર કુમાર સોલંકી | ૧૧૫૪૧૦-૧૧૫૪૧૧ અને ૧૫૭૧૨૩ | ૧૨૮૨૩૦૬-૧૨૮૨૩૧૭ અને ૨૪૨૭૫૩૨૦-૨૪૨૭૫૩૨૩ | ૧૬ | અપૂર્વ લુનિયા |
| એસ૦૦૦૦૬૧૯ | સુહીલ કુમાર જૈન | ૧૪૧૩૬૮-૧૪૧૩૬૯ અને ૧૬૧૫૩૪ | ૨૭૩૯૧૯૬-૨૭૩૯૨૦૭ અને ૨૪૩૧૦૪૭૭-૨૪૩૧૦૪૮૦ | ૧૬ | અપૂર્વ લુનિયા |

ઉપર દર્શાવિલ શેર્સ પ્રમાણપત્રો અંગે કોઈ વ્યક્તિને દાવો હોય તો તેણે આ સૂચના પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ પર પહોંચે તે રીતે દાવાના દસ્તાવેજી પુરાવા સાથે સંપૂર્ણ વિગતો કંપનીને મોકલવી. જો આમ કરવામાં નિષ્ફળ રહેશે તો કોઈપણ પ્રકારની વધુ માહિતી આપ્યા વિના કંપની તબદીલ લેનારની તરફેણમાં ઉપરોક્ત સંબંધિત શેર્સના હસ્તાંતરણ માટે આગળ વધશે. આ સૂચનાની પ્રકાશિત કોપી કંપનીની વેબસાઈટ www.apar.com ઉપર મૂકવામાં આવી રહી છે.

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહી/-
સંજયા કુંદર
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૨૮.૦૯.૨૦૧૯